Do you need an interpreter?
Gujarati

# <u>શું તમને દુભાષિયા(ઇન્ટરપ્રિટર)ની જરૂર છે?</u>

**તમને મુલાકાત દરમ્યાન મદદ માટે અમે દુભાષિયાની સેવાઓ <u>વિનામુલ્યે</u> આપીએ છીએ.**

આ સેવાના સંપર્ક દરમ્યાન તમને વાતચીતમાં મદદ કરવા દુભાષિયાની સેવાઓ ઉપલબ્ધ છે.

અમારી સાથે વ્યક્તિગત અથવા ફોન પર વાતચીત દરમ્યાન દુભાષિયાની મદદ માંગી શકો છો, જો તમે;

- અંગ્રેજી ખુબ ઓછુ અથવા બિલકુલ બોલી ન શકતા હો
- બ્રિટિશ સાઈન લેંગ્વેજમાં વાત કરતા હો
- સાઈન આધારીત અંગ્રેજીમાં વાત કરતા હો
- લિપ સ્પિકિંગ દુભાષિયાની મદદ લેતા હો

**ટેલિફોન દુભાષિયા (ઇન્ટરપ્રિટર)**

જો અંગ્રેજી તમારી પહેલી ભાષા ન હોય તો પણ, ટેલિફોન દુભાષિયા દ્વારા ભાષા સંબંધિત અડચણો ઝડપથી દુર કરી શકાય છે. કૃપા કરી તમારી પહેલી ભાષા કઈ છે તે કોઇને જણાવો જેથી તેઓ તમારા માટે દુભાષિયાનો સંપર્ક કરી શકે.

**પ્રત્યક્ષ (ફેસ-ટુ-ફેસ) દુભાષિયા**

ફેસ-ટુ-ફેસ દુભાષિયાની મદદ માટે અગાઉથી ગોઠવણ કરવી જરૂરી છે. જો તમારી મુલાકાત દરમ્યાન તમને ફેસ-ટુ-ફેસ દુભાષિયાની જરૂર હોય તો કૃપા કરી શક્ય તેટલી જલ્દીથી અમને જાણ કરો.

જો તમને કોઈ ખાસ જાતિ, ધર્મ અથવા સામાજીક બેકગ્રાઉન્ડના દુભાષિયાની જરૂર હોય તો કૃપા કરી તમારા કાર્યકર્તાને જાણ કરો.

**ફેમિલી અથવા મિત્ર દુભાષિયા તરીકે**

તમે મુલાકાત દરમ્યાન તમારા કુટુંબના સભ્ય અથવા મિત્રને સાથે હાજર રાખી શકો છો. પરંતુ અમારી આગ્રહભરી વિનંતી છે કે તેઓ તમારા દુભાષિયા તરીકે કામ ન કરે. તેનો મુખ્ય હેતુ એ છે કે તમારી જરૂરિયાતોને મદદરૂપ થવા અમે જે માહિતી મેળવીએ તે પ્રમાણભુત રહે.

Suffolk Drug & Alcohol Action Team
November 2007